દુનિયામાં મૃત્યુદંડની સજાનું પ્રમાણ કેમ વધી રહ્યું છે?

ટાઈમ લાઈન

સંજય વોરા

ખૂન અને બળાત્કાર જેવા જઘન્ય ગુનાઓમાં ફાંસીની સજા આપવી જોઈએ કે નહીં? તે બાબતમાં દુનિયામાં મોટો વિવાદ ચાલી રહ્યો છે. ફાંસીની સજાનો વિરોધ કરનારા લોકો કહે છે કે જો ખૂનનો બદલો ખૂન વડે લેવાનો હોય તો માનવતા જેવું ક્યાં રહ્યું? તેમના કહેવા મુજબ દરેક ઈન્સાનને તેની ભૂલ સુધારવાની તક મળવી જોઈએ. દુનિયાના અનેક દેશોએ તેની કાયદાપોથીમાંથી ફાંસીની સજા નાબૂદ કરી છે. ભારતમાં પણ સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ અત્યંત અપવાદરૂપ કિસ્સામાં જ ફાંસીની સજા કરવામાં આવે છે. ટ્રાયલ કોર્ટ દ્વારા હત્યા કે બળાત્કારના કિસ્સામાં ફાંસીની સજા કરવામાં આવે તો પણ હાઈ કોર્ટ કે સુપ્રીમ કોર્ટ દ્વારા તેને જન્મટીપમાં તબદિલ કરી નાખવામાં આવે છે. આ સંયોગોમાં એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના ડેટા મુજબ ફાંસીની સજાના કિસ્સાઓ વધી રહ્યા છે.

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ સંસ્થાએ વર્ષ 2023માં મૃત્યુદંડના 1153 કેસ નોંધ્યા હતા, જે 2022ની સરખામણીમાં 31% વધુ છે. વર્ષ 2022માં એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે મૃત્યુદંડના 883 કેસ નોંધ્યા હતા. 2015 પછી એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ દ્વારા નોંધાયેલો આ સૌથી મોટો આંકડો છે. વર્ષ 2015માં સંસ્થાએ 1634 કેસ નોંધ્યા હતા. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના સેક્રેટરી-જનરલ એગ્નેસ કેલામાર્ડ કહે છે કે મૃત્યુની સજામાં થયેલો મોટો વધારો મોટે ભાગે ઈરાનને આભારી છે. ઈરાની સત્તાવાળાઓએ માનવ જીવન પ્રત્યે સંપૂર્ણ અવગણના દર્શાવી છે. ઈરાનમાં ડ્રગ્સની સંખ્યામાં વધારો થયો છે. આતંકવાદ સંબંધિત ગુનાઓ માટે ફાંસીની સજા ઈરાનના સૌથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને ગરીબ સમુદાયો પર મૃત્યુદંડની ભેદભાવપૂર્ણ અસરને ઉજાગર કરે છે. જો કે, અહેવાલો દર્શાવે છે કે મૃત્યુદંડના રેકોર્ડ થયેલા મોટા ભાગના કેસ માટે ઈરાન જવાબદાર છે. ત્યાં 853 લોકોને ફાંસીની સજા આપવામાં આવી છે. એમ્નેસ્ટીને લાગે છે કે ચીનમાં સૌથી વધુ મૃત્યુદંડ આપવામાં આવે છે. પરંતુ ચીનમાં મૃત્યુદંડના કેસ અંગે કોઈ સત્તાવાર આંકડા બહાર પાડવામાં આવતા નથી. એમ્નેસ્ટીનો અંદાજ છે કે ગયા વર્ષે ચીનમાં હજારો લોકોને મોતની સજા આપવામાં આવી હતી. એમ્નેસ્ટીએ તેના રિપોર્ટમાં એ પણ શોધી કાઢ્યું છે કે 2023માં વૈશ્વિક સ્તરે મૃત્યુદંડની સજામાં 20% નો વધારો થયો છે. 2018 પછી આપવામાં આવેલી મૃત્યુદંડની આ સૌથી મોટી સંખ્યા છે. જે દેશોમાં સરમુખત્યારશાહી છે ત્યાં મૃત્યુદંડની સંખ્યા વધુ હોવાનું પણ બહાર આવ્યું છે. માનવ અધિકાર માટે લડતી સંસ્થાઓ મૃત્યુદંડને જંગલ રાજ અને બર્બરતાની નિશાની ગણાવી રહી છે.

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર કોઈ મહિલાને ફાંસી થઈ શકે છે. અંગ્રેજી અખબાર હિન્દુસ્તાન ટાઈમ્સે મથુરા જેલના વરિષ્ઠ જેલ અધિકારી અખિલેશ કુમારને ટાંકીને સમાચાર પ્રકાશિત કર્યા છે કે 2008માં તેના પરિવારની હત્યામાં દોષિત શબનમને ટૂંક સમયમાં ફાંસી આપવામાં આવી શકે છે. આગ્રાના DIG (જેલ) અખિલેશ કુમારે કહ્યું કે મથુરા જિલ્લા જેલમાં શબનમને ફાંસી આપવાની તૈયારી ચાલી રહી છે. અમરોહાની રહેવાસી શબનમ અને તેના પ્રેમી સલીમે 14 એપ્રિલ 2008 ની મધ્યરાત્રિએ પરિવારના 7 સભ્યોને નશો કરાવ્યો હતો અને તેમનાં ગળાં કાપી નાખ્યાં હતાં. તેમાં એક 10 મહિનાનું બાળક પણ હતું, જેનું ગળું દબાવવામાં આવ્યું હતું. 2010માં ટ્રાયલ કોર્ટે બંનેને ફાંસીની સજા સંભળાવી હતી, જેને સુપ્રીમ કોર્ટે પણ 2015માં યથાવત્ રાખી હતી.

એમ્નેસ્ટી અનુસાર વર્ષ 2023માં સૌથી વધુ મૃત્યુદંડ પાંચ દેશોમાં આપવામાં આવ્યા હતા, જેમાં ચીન, ઈરાન, સાઉદી અરેબિયા, સોમાલિયા અને અમેરિકાનો સમાવેશ થાય છે. તેમાંથી 74% મૃત્યુદંડના કેસ એકલા ઈરાનમાં નોંધાયા છે. મૃત્યુદંડના કુલ કેસમાંથી 15% સાઉદી અરેબિયામાં નોંધાયા હતા. સાઉદી અરેબિયામાં ઈસ્લામિક શરિયા કાયદા મુજબ મૃત્યુદંડ આપવામાં આવે છે. એમ્નેસ્ટીનું કહેવું છે કે ચીનની જેમ તેની પાસે ઉત્તર કોરિયા, વિયેતનામ, સીરિયા, પેલેસ્ટાઈન અને અફઘાનિસ્તાનમાં આપવામાં આવતા મૃત્યુદંડનો સત્તાવાર ડેટા નથી.

મૃત્યુદંડ નાબૂદ કરનારા દેશોમાં વધારો થયો છે. વર્ષ 2001માં આ યાદીમાં 48 દેશોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. 2023માં મૃત્યુદંડ નાબૂદ કરનારા દેશોની સંખ્યા વધીને 112 થઈ ગઈ છે. નવ દેશ એવા છે જ્યાં માત્ર ગંભીર ગુનાઓ માટે જ મૃત્યુદંડ આપવામાં આવે છે, જ્યારે 23 દેશો એવા છે જ્યાં છેલ્લા એક દાયકામાં મૃત્યુદંડનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. વર્ષ 2023માં મૃત્યુદંડ આપવાની ચાર પદ્ધતિઓ હતી, જેમાંથી શિરચ્છેદ માત્ર સાઉદી અરેબિયામાં જ લાગુ કરવામાં આવે છે. ગયા વર્ષે 7 દેશોમાં ફાંસી આપવાની પદ્ધતિ અપનાવવામાં આવી હતી, 6 દેશોમાં ગોળી મારીને હત્યા થતી હતી અને 3 દેશોમાં મોતનાં ઈન્જેક્શન આપવામાં આવ્યાં હતાં.

વર્તમાનમાં અમેરિકામાં મૃત્યુદંડના કેદીઓને ફાંસી આપવા માટે ડેથ ચેમ્બરનો ઉપયોગ કરવામાં આવે છે. યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ ઑફિસ કહે છે કે જે દેશોમાં મૃત્યુદંડ આપવામાં આવે છે, તે એવી ખોટી ધારણાને કારણે આપવામાં આવે છે કે મૃત્યુદંડનો ડર ગુનાને અટકાવે છે. સામાજિક વિજ્ઞાનીઓમાં એક સામાન્ય સર્વસંમતિ છે કે મૃત્યુદંડ અપરાધને રોકવામાં અસરકારક સાબિત થયો નથી. કેટલાક લોકો કહે છે કે ગુનામાં સૌથી મોટો અવરોધ પકડાવાની અને સજા થવાની સંભાવનાથી આવે છે. 1988માં યુનાઈટેડ નેશન્સ દ્વારા મૃત્યુદંડ અને હત્યાના કેસ વચ્ચેનો સંબંધ નક્કી કરવા માટે એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સંશોધન વૈજ્ઞાનિક પુરાવા પ્રદાન કરવામાં નિષ્ફળ ગયું હતું કે મૃત્યુદંડ આજીવન કેદ કરતાં ગુનાને અટકાવવા માટે વધુ અસરકારક છે.

જે દેશોમાં સરમુખત્યારશાહી છે ત્યાં મૃત્યુદંડની સંખ્યા વધુ હોવાનું પણ બહાર આવ્યું છે. માનવ અધિકાર માટે લડતી સંસ્થાઓ મૃત્યુદંડને જંગલ રાજ અને બર્બરતાની નિશાની ગણાવી રહી છે.

શ્રધ્ધા શાહની ટેપર્સ ડાન્સ સ્કૂલની

''Retro to Metro'' ટાઈમલેસ ડાન્સ જર્નીમાં પ્રેક્ષકો તરબતર થયા

સમયના પ્રવાહ સાથે નૃત્યના પ્રકારો, નૃત્ય કરનારાઓ અને એના ભાવકો પણ બદલાતા રહે છે. નૃત્યના નવા સ્વરૂપો પણ પ્રગટ થતા રહ્યા છે. ભારતમાં દાયકાઓથી શાસ્ત્રીય નૃત્યોની તાલીમ આપવાની પરંપરા રહી છે. આ સિવાયના પ્રકારોની તાલીમ ઘણી ઓછી અપાતી. છેલ્લા બે ત્રણ દાયકાથી મુંબઈ વેસ્ટર્ન ડાન્સ શિખવતી સંસ્થાઓ શરૂ થઈ. પછી તો TV પર ડાન્સ પ્રોગ્રામોનો સિલસીલો શરૂ થયો. મોટા શહેરોમાં પણ અનેક ડાન્સ ક્લાસો શરૂ થયા. બાળકો અને યુવા પેઢીને આવા પ્રકારો વિશેષ આકર્ષતા હોવાથી એનો વ્યાપ વિસ્તરતો ગયો. મેડીટેશન, હેલ્થ કોન્સીયસનેશ, પર્સનાલીટી ડેવલપમેન્ટ, એક્સરસાઈઝ વર્કઆઉટ માટે અને કેરીયરના ભાગરૂપે પણ યૌવનને આ પ્રવૃત્તિ વિશેષ આકર્ષક લાગી. એટલે ડાન્સ ક્લાસો ધમધમતા થયા. પધ્ધતિસરની તાલીમ આપતા તેમાં ઓછા જ હોવાનાં. સુરતમાં શ્રધ્ધા શાહની આવી જ ટેપર્સ ડાન્સ સ્કૂલ છેલ્લાં 21 વર્ષથી ચાલે છે અને દર વર્ષે જુદી જુદી થીમ પર નૃત્યના કાર્યક્રમ કરે છે. આ સ્કૂલ આ વખતે ''Retro to Metro'' થીમ સાથે 4 વર્ષથી લઈને 65 વર્ષની ઉંમર સુધીના કલાકારોના વેકેશન બેચમાં તૈયાર થયેલ અદાકારો સાથે સંજીવકુમાર ઓડીટોરીયમ, સુરતમાં તા.13-5-24ની સંધ્યાએ તાળીઓના ગડગડાટ સાથે પ્રેક્ષકોને તરબતર કર્યા. એન્કર આર જે વીરની ધમાકેદાર એન્ટ્રીથી આ શો કેસ અને ફેશન શોનો પડદો ઉપડ્યો ત્યારે સૌએ ચિચિયારીઓથી હોલને ગજાવ્યો.

કર્ટનકોલ

- પ્રવીણ સરાઘીઆ

પ્રથમ, ભૈરવી આઠવલેના નિદર્શન હેઠળ કથક નૃત્યુ રજૂ થયું. 'શુકરમ વરધનમ વિષ્ણુ'ની પ્રાર્થના વડે 6 યુવતિઓએ લય, તાલ, સુર, થાપ સાથે સરસ કોરીયોગ્રાફીમાં સ્લોમોશન અને એકાગ્રતાથી કથક રજૂ કર્યુ, જે અત્યંત મોહક રીતે ચિત્તને સ્પર્શી પ્રેક્ષકોની તાળીઓ મેળવી ગયા. ''કોમ્યુનિકેશન'' ડાન્સમાં 'મેરે પિયા ગયે રંગુન', મોબાઈલ નંબર ના ગીત ઉપર પિન્ક રેશમી કોસ્ચ્યુમમાં તથા 'આઈઝ' ડાન્સમાં 6 યુવતિઓએ આંખોની નજાકત, મસ્તી, અને જાદુ, બ્લેક ગોલ્ડન વસ્ત્રોમાં અદભુત મુવમેન્ટ, સ્લો અને સ્પીડથી છવાઈ ગયા. 'રેઈન' ડાન્સમાં, બાદલ બરસે, બિજલી ચમકે જેવા સદાબહાર ગીતો સાથે અંગભંગી, કોરીયોગ્રાફી અને સંગીત સાથે ઝડપથી મનભાવન બની રહ્યા. શ્રધ્ધા શાહે હાથમાં ઘડો સાથે સાહેલી સંગ મોહક કોસ્ચ્યુમ પહેરી એન્ટ્રી લઈ 'મોહે પનઘટ પે નંદલાલ' 'ભોર ભયે પનઘટ' જેવા લોકપ્રિય ગીતોના કોલાજ સાથે ગ્રેસફુલ, ઝડપ, સ્લોમોશન, ગીત મુજબની અંગભંગી વડે એનર્જી અને કોન્ફીડન્સથી અદભુત કૃતિ રજૂ કરી ગયા, સાથે તાળીઓનો વરસાદ થયો. અરૂણરાજની એમા નાનકડી ઝલક કાબીલે દાદ રહી.

ત્યારબાદ 4થી 6 વર્ષના 22 જેટલા ભુલકાઓએ 'પિયા તું અબ તો આજા', 'મેરા પિયા ઘર આયા' જેવા ગીતોના ઝૂમકા વડે ક્રિએટીવીટીમાં ટ્વીસ્ટ લાવી કમાલની ધમાલ કરાવી ગયા, અને પ્રેક્ષકોને ઝુમાવ્યા. 'ઘૂંઘરું' ડાન્સ અને 'સૂરજ' ડાન્સમાં ઘૂંઘરુંનો ઝંકાર અને સૂરજનો તાપ, ગરમી 4થી 6 વર્ષના ભુલકાઓએ નયન રમ્ય લાઈટીંગ સાથે સરસ કોરીયોગ્રાફીમાં રજૂ કરી દાદ મેળવી ગયા. 'દુપટ્ટા' અને

માત્ર 8 વર્ષની ઉંમરે તો ભરત નાટ્યમ્ માં અંગ સંસ્કાર પામનાર શ્રધ્ધા શાહ રાજ વેસ્ટર્ન, સાલસા, હીપહોપ, બેલી, જીમ્નાસ્ટીક, કરાટે, સ્વીમીંગમાં પણ કેળવાયેલી છે. રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક સન્માનો મેળવી ડંકો વગાડી ચુકી છે

'એપ્રોચ' ડાન્સમાં લાલ દુપટ્ટા મલમલકા ગાઈને અલગ અલગ ઢંગ અને કલરમાં દુપટ્ટા તથા પાર્ટીઓ અને વ્યવહારમાં કેવો 'એપ્રોચ' રાખવો તેની 'બદન પે સિતારે' ગીત સાથે ખૂબ સરસ રજૂઆત થઈ. 'ઝીંદગી' એક સફર દ્વારા જુદા જુદા મૂડમાં, કોઈપણ સંજોગોમાં ખુશ રહેવાનો મેસેજ હૃદયને સ્પર્શી ગયો. વેડીંગ ડાન્સમાં 'દિલવાલે દુલ્હનીયા'. એ તો શાદીની બારાતની તે સમયની અને હાલની રસમોને જીવંત બનાવી પ્રેક્ષકોને નચાવ્યા. 'મહેંદી' ડાન્સમાં 'મહેંદી તે વાવી માળવે', 'મહેંદી લગા કી રાત' જેવા રિમીક્સ ગીતોએ ડીઝાઈન, અવનવા રંગો, ઉલ્લાસ ભર્યા હાવભાવ, યોગ્ય લાઈટ ઈફેક્ટથી સારી રીતે ઉજાગર થયા. ડાન્સ સ્કૂલના ટીમ સાથીદારો, સહાયકોએ 'ખોયા ખોયા ચાંદ', મૈંને પૂછા ચાંદસે' જેવા જાણીતા સદાબહાર ગીતોના કોલાજ સાથે વ્હાઈટ કોસ્ચ્યુમ, બ્લ્યુ દુપટ્ટામાં 9 યુવતિઓએ કૌશલ્ય બતાવ્યું. જબરજસ્ત એનર્જી, ગ્રેસ અને નયનરમ્ય કોરીયોગ્રાફી દ્વારા મસ્તી, મજા કરાવી અઢળક તાળીઓ મેળવી ગયા.

વચ્ચે વચ્ચે પાંચ-છ જેટલા આકર્ષક ફેશન શોએ સ્ટેજને ધબકતું રાખ્યુ. 'એક્વા'માં નાના ભુલકાઓ, 'સન સાઈન'માં નયનરમ્ય કોસ્ચ્યુમ, એન્જલ ડેમોન બનીને આવેલા બાળકોનો ડરામણો મેકઅપ, તો પરિઓની નજાકતતા, સંગીત અને ધવલ પ્રકાશના સથવારે ડર અને શાંતિનો અહેસાસ કરાવ્યો. 'ગ્રીની' અને 'ઓફિસવેર' ફેશન શોમાં જુદાજુદા ગ્રીન શેડના કોસ્ચ્યુમ, પ્રિન્ટેડ, એમ્બ્રોઈડ્ડ, માસ્કમાં છોકરીઓ અને કોર્પોરેટ ડ્રેસ, સાડી, બ્લેઝર, મેક્સી, મીની, શર્ટ-સ્યુટ, માં યુવક યુવતિ અને બાળકોએ કોર્પોરેટ કલ્ચર સ્ટેજ પર સજાવી ગયા.

વચ્ચે નાનકડા સ્ટેજ ફંકશન અને ટીમમેટના ફેલીટીશેસનમાં મહાનુભાવો અને અતિથીઓ તથા આમંત્રીત ટીચર્સોનું મોમેન્ટોથી સમ્માન ખૂબ જ સલુકાઈ અને ઉમળકાથી શ્રધ્ધાએ કર્યુ. પોતાની આ પેશનયાત્રા દરમિયાન કરેલો સંઘર્ષ અને ફેમીલી તરફથી મળેલ સંપૂર્ણ સહકારની વાત કરતા શ્રધ્ધા ઈમોશનલ બની ગઈ.

માત્ર 8 વર્ષની ઉંમરે તો ભરત નાટ્યમ્ માં અંગ સંસ્કાર પામનાર શ્રધ્ધા શાહ રાજ વેસ્ટર્ન, સાલસા, હીપહોપ, બેલી, જીમ્નાસ્ટીક, કરાટે, સ્વીમીંગમાં પણ કેળવાયેલી છે. રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક સન્માનો મેળવી ડંકો વગાડી ચુકી છે. ઝી ટીવીની DID સુપરમોમ જેવી નેશનલ લેવલની સ્પર્ધામાં વિજેતા બની, આગળ વધી થેરાપીક ડાન્સ, ઈવેન્ટ મેનેજમેન્ટ, પ્રિવેડીંગ કોરીયોગ્રાફી, મોહર, હેલ્થ, હાર્મની, હેપ્પીનેશના ધ્યેય સાથે અનેક ક્ષેત્રે કામ કરી રહી છે. આ આખા ડાન્સ શોમાં એની કુનેહ, ક્રિએટીવીટી, કલ્પના શક્તિ ઠેરઠેર નજરે ચડે છે. કોસ્ચ્યુમની ક્વોલીટી, કોરીયોગ્રાફી, ગીતોની પસંદગીમાં એની ચિવટાઈ, બધું જ અદભુત રહ્યુ. એન્કર આર જે વીરનું ધારદાર સંચાલન સ્ટેજ અને પ્રેક્ષકો વચ્ચે મહત્વની કડી બની રહ્યુ. જ્યોતિન્દ્ર અરબસ્તાનીનું જાજરમાન, ઝાકમઝોળ, લાઈટ સંચાલન અને ડિઝાઈન આખા માહોલને નવી ઉંચાઈ આપી ગઈ. સમયસરનું ધમાકેદાર સંગીત સંચાલન, કાર્યક્રમને જીવંત બનાવી ગયું. બેકગ્રાઉન્ડ સ્ક્રીન પરની ટેકનીક કૃતિઓને માણવામાં ઉપયોગી રહી. શ્રધ્ધાના હાથ નીચે માત્ર 25 દિવસમાં તૈયાર થયેલ 150થી વધુ કલાકારોએ મંચને યૌવન સહજ ચેસ્ટાઓથી છલકાવી દીધું. આધુનિક નૃત્ય પ્રકારોની આવી છટા, જોશ અને સર્જનશીલતા, અનસ્ટોપેબલ શ્રધ્ધાના પરફેક્શનનો આગ્રહ નવી પેઢીની અપેક્ષાઓને ચોક્કસ જ સાર્થક કરી રહી છે.

શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. માડ



આડી ચાવી

૧. કેસરી ફૂલોનું એક ઝાડ (૪)
૫. પુષ્કળ, અતિશય (૪)
૮. મોટું (૩)
૧૦. શ્રીમંત, ભરપૂર (૪)
૧૩. ચિંતન (૩)
૧૪. વેપાર (૩)
૧૬. દુશ્મનાવટ (૨)
૧૭. પ્રતિજ્ઞા (૨)
૧૮. ભોળું (૩)
૧૯. નવતર, નવું (૨)
૨૧. તાબે, આધિન (૨)
૨૨. એક તેલી બી (૨)
૨૩. મારવું તે (૨)
૨૪. પર્વત (૨)
૨૬. પ્યાસ, તીવ્ર ઇચ્છા (૩)
૨૭. છોડ, રોપો (૨)
૨૮. અમૃત, મીઠાશ (૨)
૩૦. આંખની કીકી (૩)
૩૨. ઠીંગાણું (૩)
૩૩. મિજાજ, આવેશ (૨)
૩૪. ફૂલમાંની રજ (૩)
૩૬. સેવક (૩)
૩૭. કાંઠો, કિનારો (૨)
૩૮. હાથ (૨)
૪૦. રસ્તો, ઉપાય (૩)
૪૧. યુવાન (૩)
૪૪. પીડવું, દબાવવું તે (૩)
૪૬. ઓછું (૨)
૪૮. વગાડવું તે (૩)
૪૯. નવલું, નવાઈ ભર્યું (૩)
૫૧. પીડા, દુઃખ (૨)
૫૨. શંકુ, આકારનું એક કંદમૂળ (૩)
૫૩. આછું સ્મિત (૪)
૫૫. ગાયન (૨)
૫૭. અવાજ, ધ્વનિ (૨)
૫૮. ધૂળ (૨)
૫૯. ઇજન, નોતરું (૩)
૬૦. ચંચળ, અસ્થિર (૩)
૬૧. રસ વિનાનું (૩)
૬૨. માણસ, આદમી (૨)
૬૩. વેલ (૨)
૬૪. શ્રીવિષ્ણુ (૨)
૬૫. પોશાક, રૂપ, શણગાર (૨)
૬૬. રહેઠાણ, (૩)
૬૭. કાંજી, ઘેંસ (૨)
૬૮. રાજા, અભિપ્રાય (૨)
૬૯. કાગળ (૨)
૭૦. તૃપ્ત, ધરાયેલું (૨)
૭૧. હેત, પ્રીત (૨)
૭૨. રમતમાં આવતો વારો (૨)
૭૩. પ્રેમ, આનંદ (૨)
૭૪. અસાધારણ, ઉત્તમ (૩)
૭૫. કલ્યાણ (૨)
૭૬. દોલત, માલ- મિલકત (૨)
૭૭. નવીન, નવલું (૪)

ઊભી ચાવી

૨. મીઠું, નમક (૩)
૩. સુંદર સ્ત્રી (૨)
૪. હોઠ (૨)
૬. સુંદર, મનોહર (૨)
૭. પતિ, રમવું તે (૩)
૮. સાચા મનનું (૪)
૯. નાજુકાઈ (૪)
૧૧. પાતળું, નાનું (૨)
૧૨. ઝરૂખો (૩)
૧૪. મુખ, ચહેરો (૩)
૧૫. આદમી (૨)
૧૭. પળ, ક્ષણ (૨)
૨૦. મૂળ ગામ કે દેશ (૩)
૨૧. વસવું તે, રહેઠાણ (૪)
૨૨. તપસ્યા (૨)
૨૩. મામાની પત્ની (૨)
૨૫. લીન, ડૂબેલું (૨)
૨૭. તેજ, ભપકો (૩)
૨૮. મનની ઇચ્છા, ઉમેદ (૪)
૨૯. જરા, સહેજ (૨)
૩૧. ગાવાની ઢબ (૩)
૩૪. ચાલવાનો અવયવ (૪)
૩૫. ખપ, જરૂર (૩)
૩૬. કાળજી, સાચવણી (૩)
૩૭. શરીર, દેહ (૨)
૩૯. નકામું, બાદ કરેલું (૨)
૪૨. પવન (૨)
૪૩. યોગ્ય કિંમત કરનાર(૫)
૪૫. રાજાનું રહેવાનું સ્થળ (૩)
૪૭. સહાયક (૫)
૪૮. કંટાળેલું (૨)
૪૯. દોરડા પર નાચનાર (૨)
૫૦. સહેજ, થોડુંક (૩)
૫૨. બટન ઘાલવાનું નાકું (૨)
૫૩. હેતુ, આશય (૪)
૫૪. શરીર, તન (૨)
૫૬. સહેજ પણ (૪)
૫૮. રસિક(૪)
૬૦. હોડી (૨)
૬૨. લોકમત (૪)
૬૪. ઘોડો (૨)
૬૫. દુઃખ, પીડ (૩)
૬૭. રાત્રી (૨)
૬૮. ફરિયાદ (૨)
૬૯. પડેલું, પાપી (૩)
૭૦. દહીં દૂધ પરની મલાઈની પોપડી (૨)
૭૨. દાન આપનાર (૨)
૭૩. અવાજ, ધ્વનિ (૨)

શબ્દ સાપ્તાહિકી ઉકેલ



કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ